# કૃષિ મહાવિદ્યાલય
# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,
# મોટા ભંડારીયા (અમરેલી) – ૩૬૫ ૬૧૦

ડો. ડી.એસ.કેલૈયા
આચાર્ય

E-mail: *coaamreli@jau.in* ફોન/ફેક્સ : ૦૨૭૯૨–૨૭૭૯૯૮


જા. નં. જુકૃયુ/કૃમવિ/મોટા ભંડારીયા/ટેક-૫/જાહેરાત/૪૫૧૯-૨૫/૨૦૨૬ તા. ૨૬ /૧૦ /૨૦૨૫

## જાહેરાત

કૃષિ મહાવિદ્યાલય, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, મોટા ભંડારિયા ના નિયંત્રણમાં "કોલેજ કેન્ટીન" રહેલ છે. આ કેન્ટીન તા. ૦૧/૧૨/૨૦૨૬ થી લીવ એન્ડ લાઇસન્સ પર કરાર આધારીત વધુમાં વધુ ૧૧ માસ માટે ભાડેથી ચલાવવા માટે આપવાની છે. કેન્ટીન ચલાવવા માટે રસ ધરાવતી પાર્ટીઓ/ઇસમોએ માસીક ભાડાના દરે ભાવ નીચેના સરનામે મોકલી આપવાના રહેશે. કેન્ટીન ચલાવવાના માસીક ભાડાના ભાવ તેમજ આ સાથે સામેલ કેન્ટીન ચલાવવા માટેની શરતોમાં સહી કરી સીલ બંધ કવરમાં પોસ્ટ મારફત આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય,જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, મોટા ભંડારીયા પીન-૩૬૫ ૬૧૦ ને તા.૧૭/૧૧/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે. કવર ઉપર "કોલેજ કેન્ટીન ચલાવવાના ભાવ" એમ સ્પષ્ટ અક્ષરે લખવાનું રહેશે. તથા ભાવ સાથે ડીપોઝીટના રૂ. ૫૦૦૦/- રોકડા મદદનીશ વહીવટી અધિકારીશ્રી, કૃષિ મહાવિદ્યાલય, જુ.કૃ.યુ., મોટા ભંડારીયાની કચેરીમાં ભરેલ રસીદ અથવા JAU, Fund Account ના નામનો રૂ. ૫૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ ભાવ પત્રક સાથે જોડવાનો રહેશે. સમય મર્યાદા બહારના કે અધુરાશ વાળા તથા ડીપોઝીટ ભર્યા વગરના ભાવ પત્રકો રદબાતલ ગણવામાં આવશે. આવેલ ભાવ પત્રક માન્ય રાખવા કે રદ કરવાની સતા કેન્ટીન કમિટીને અબાધિત રહેશે.

આચાર્ય
કૃષિ મહાવિદ્યાલય
જુ.કૃ.યુ., મોટા ભંડારીયા

નકલ સવિનય રવાના:

૧) ચીફ ઓફિસર, નગરપાલીકા, અમરેલીની કચેરીના નોટીસ બોર્ડ પર મુકવા સારૂં.
૨) ગ્રામ પંચાયત કચેરી, મોટા ભંડારીયા નોટીસ બોર્ડ પર મુકવા સારૂં.
૩) મદદનીશ વહીવટી અધીકારીશ્રી, કૃષિ મહાવિદ્યાલય, જુ.કૃ.યુ., મોટા ભંડારિયા (જાણ તેમજ ડીપોઝીટ જમા લઇ પહોચ આપવા સારૂં.).
૪) કાર્યપાલક ઇજનેરશ્રી, જુનાગઢ કૃષિ યુનીવર્સીટી, જુનાગઢ.
૫) નિયામકશ્રી, આઈ.ટી.સેલ, જુ.કૃ.યુ., જુનાગઢ (બહોળી પ્રસીધી અર્થે પરિપત્ર કરવા સારૂં).

## -: કોલેજ કેન્ટીન ચલાવવા માટેની શરતો:-

1) પાર્ટીએ યુનીવર્સીટી સાથે તેમના ખર્ચે ૧૧ માસ માટે લીવ એન્ડ લાઈસન્સના કરારો રૂ. 300/- નાં સ્ટેમ્પ પેપર ઉપર યુનીવર્સીટીની શરતો મુજબ દિવસ -૧૦ માં કરી આપવાના રહેશે.
2) કેન્ટીન ચલાવવા અંગેનું લાઈસન્સ ૦૧ મહિનાની અંદર સક્ષમ અધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે. તેમજ કેન્ટીનનો કોન્ટ્રાકટ રાખનાર ઠેકેદારે ટેન્ડર ફ્રોર્મ સાથે આધાર કાર્ડ તથા જીએસટી નંબરની પ્રમાણીત નકલ રજુ કરવાની સરહેશે. જો જીએસટી ન ભરતા હોઈતો ડિકલેરેશન ફ્રોર્મ રજુ કરવાનું રહેશે.
3) કેન્ટીન ચલાવવા અંગેનો સઘળો ખર્ચ કેન્ટીન ભાડે રાખનારે ભોગવવાનો રહેશે તથા તે અંગેના ફર્નીચર, વાસણો તથા અન્ય ચીજવસ્તુ પોતાની લાવવાની રહેશે.
4) તાજા ફરસાણ, બેકરી બિસ્કીટ, કન્ફેકશનરી વસ્તુઓ, મીઠાઈ, શરબત, ચા, કોફી વગેરે સારી અને ભેળસેળ વગરની, નિયમિત અને પૂરતા પ્રમાણમાં પૂરી પડવાની રહેશે. કેન્ટીનમાંથી વેચવામાં આવતી ચીજ વસ્તુઓ તેમજ નાસ્તા તેમજ જમણવાર ના ભાવ જુનાગઢ કૃષિ યુનીવર્સીટી, જુનાગઢ ખાતે ચાલતી યુનીવર્સીટી કેન્ટીન મુજબના ભાવે આપવાના રહેશે.
5) ભાવપત્રક ગ્રાહકો વાંચી શકે તે રીતે રાખવાનું રહેશે. કેન્ટીનમાંથી વેચવામાં આવતી ચીજ વસ્તુઓનું ભાવ પત્રક આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારીયાને આપવાનું રહેશે. તેમજ કોઈપણ વસ્તુનો ભાવ વધારો કરતા પહેલા જાણ કરવાની રહેશે.
6) ઇજારદારે કેન્ટીન અંગેની મિલકત તેમજ વાપરવાના વાસણો સ્વચ્છ અને સુઘડ રાખવાના રહેશે. રોકવામાં આવેલ નોકરો પણ સ્વચ્છ, સુઘડ અને ચેપી રોગ મુક્ત હોવા જોઈએ તેમજ કેન્ટીન કમિટીને અયોગ્ય લાગે તેવા નોકરોને તરત જ છુટા કરવાના રહેશે. આ અંગે ચેકિંગ કરવાનો અધિકાર કેન્ટીન કમિટીનો રહેશે. કેન્ટીનમાં નોકર તરીકે બાળ મજુર (૧૮ વર્ષથી નીચેની વયના) રાખી શકશે નહિ.
7) ઈજારા ફી થી જે મિલકત સોપવામાં આવે તેના બાંધકામ વગેરેમાં કોઈપણ જાતનો ફેરફાર યુનીવર્સીટીની મંજુરી વગર કરી શકાશે નહિ.
8) સરકારશ્રી તરફથી જે ચીજવસ્તુઓ ઉપર કે કેફી પદાર્થો ઉપર પ્રતિબંધ મુકેલા હોય તે ચીજવસ્તુઓનું તેમજ પાન, માવા, તમાકુ, સિગારેટ, ગુટકા વગેરે જેવી નશાયુક્ત વસ્તુઓનું વેચાણ કરી શકાશે નહિ.
9) જે ભાડા દરથી કેન્ટીનનો ઈજારો રાખેલ હોય તે ભાડા દર માસની એક થી પાંચ તારીખે રોકડે થી ભરપાઈ કરી પાવતી મેળવી લેવાની રહેશે. સમયસર ભાડાની રકમ ભરવામાં નહિ આવેતો લેણી રકમ ઉપર ૧૫% વ્યાજ આપવાનું રહેશે.
10) વીજળી વપરાશનું બીલ વિદ્યુત બોર્ડને ભરી બીલ તથા પહોંચની ઝેરોક્ષ નકલ અત્રેની કચેરીમાં તુર્તજ રજુ કરી દેવાની રહેશે.
11) પાણીનો પુરવઠો યુનીવર્સીટી તરફથી વિના મુલ્યે પૂરો પાડવામાં આવશે અને પાણીનો ઉપયોગ કરકસર પૂર્વક કરવાનો રહેશે.
12) ઈજારાની મુદત ૧૧ (અગીયાર) માસની રહેશે. ઈજારા કરારની શરતો મુજબ જે ઈજારદાર નહિ વર્તે તેનો ઈજારો ગમે ત્યારે એક માસની નોટિસથી કેન્ટીન કમિટી રદ કરી શકશે અને ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. કેન્ટીન કમિટીને જો કેન્ટીન સેવા સંતોષકારક જણાશે તો માંગણીથી વધુ સમય માટે કેન્ટીન ચલાવવા દેવાનો હક્ક કેન્ટીન કમિટીને રહેશે.

13) કુદરતી અકસ્માત, હુલ્લડ, તોફાન કે અન્ય રીતે કેન્ટીનના માલ-સામાનને નુકસાન થાય તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી જુનાગઢ કૃષિ યુનીવર્સીટીની રહેશે નહિ.

14) સોંપવામાં આવેલ યુનીવર્સીટી મિલકતને કોઈપણ જાતની ભાંગફોડ અગર બીજી રીતે નુકસાન થાય તો તેની જવાદારી કેન્ટીન ભાડે રાખનારની રહેશે અને તે અંગેનો સઘળો ખર્ચ ઈજારદાર પાસેથી યુનીવર્સીટી નક્કી કરે તે મુજબ વસુલ કરવામાં આવશે.

15) કરાર અંગે કોઈપણ જાતનો મતભેદ ઉભો થશે તો કેન્ટીન કમિટીનો નિર્ણય આખરી ગણાશે અને ઇજારદારને બંધનકર્તા રહશે. આ બાબતે જ્યુરીડીકશન અમરેલી શહેર રહેશે.

16) ટેન્ડર સાથે ભરેલ ડીપોઝીટની રકમ રૂ. ૫૦૦૦/- જુનાગઢ કૃષિ યુનીવર્સીટી ફંડમાં જમા કરાવેલ છે તે રકમ કોન્ટ્રાક્ટ પૂરો ન થાય ત્યાં સુધી યુનીવર્સીટી પાસે રહેશે અને કોન્ટ્રાક્ટ પૂરો થયેથી વગર વ્યાજે પરત કરવામાં આવશે, ડીપોઝીટ પરત મેળવવા માટે અસલ પહોચ તથા કાર્યપાલ ઇજનેરશ્રી અને મદદનીશ વહીવટી અધિકારીશ્રી, કૃષિ મહાવિદ્યાલય, જુ.કૃ.યુ., મોટા ભંડારીયા ની કચેરી પાસેથી "નાં વાંધા પ્રમાણપત્ર" મેળવીને અરજી કરવાની રહશે.

17) ઈજારા કરારની મુદ્દત વીત્યા પછી જે તે મિલકત ઉપર ઈજારદારનો કોઈ પણ જાતનો હક્ક દાવો રહેશે નહિ અને નક્કી કરેલ મુદ્દતની અંદર મિલકતનો કબજો અસલ સ્થિતિમાં સોંપી આપવાનો રહેશે. થયેલ નુકસાનની રકમ કેન્ટીન કમિટી નક્કી કરે તે મુજબ ભરપાઈ કરવાની રહેશે.

18) કેન્ટીનમાં રેડિયો, ગ્રામોફોન, ટેપ, ટીવી વગેરે વાપરવાની છૂટ રહેશે. પરંતુ આસપાસના વિસ્તારમાં ખલેલ ન પહોંચે તે રીતે જ આવા મનોરંજનના સાધનો વાપરવાની છૂટ રહેશે. જે અંગેની ફરિયાદ મળતા આવી છૂટછાટ કેન્ટીન કમિટી નક્કી કરે તે મુજબ રદ ગણાશે.

19) ઈજારદાર, ઈજારાના કરારના વર્ષ દરમિયાન અન્ય કોઈપણ શખ્શને પેટા ઈજારો આપી શકશે નહિ. આ કલમનો ભંગ થયે મિલકતનો કબજો પરત લેવાની સત્તા કેન્ટીન કમિટીને રહેશે.

20) જે હેતુ માટે મિલકત ફાળવવામાં આવે તે સિવાયના હેતુ માટે મિલકતનો ઉપયોગ કરી શકાશે નહિ.

21) સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી ગાઈડલાઈન્સનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

22) કેન્ટીન અંગેનો કોન્ટ્રાક્ટ આપવો કે ન આપવો તેનો અબાધિત અધિકાર કેન્ટીન કમિટીનો રહેશે.

23) ઉપર મુજબની જણાવેલ શરતો પૈકી ટેન્ડર ફોર્મ સાથે જરૂરી પુરાવા નહિ હોઈતો ટેન્ડર રદ ગણવામાં આવશે.

## બાહેંધરી

ઉપર જણાવેલ ક્રમ નં ૦૧ થી ૨૪ કોલેજ કેન્ટીન ચલાવવા માટેની શરતો મેં વાંચી છે તેમજ ઉપર જણાવેલ તમામ શરતો મને માન્ય અને બંધનકર્તા છે, તેની હું ખાતરી આપુ છું. ઉપરની લીવ એન્ડ લાઈસન્સની શરતોમાં ઉમેરો કરવામાં આવે તો મને આ અંગે કોઈ હરકત સરખું નથી.

સ્થળ:- અરજદારનું પૂરું નામ:-

તારીખ:- અરજદાર સહી:-

મોબાઈલ નંબર:-